પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૭૪ ૨૫ મે, ૨૦૧૭, ગુરૂવાર ; વૈશાખ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પાક યુદ્ધ વિમાનોની સિયાચીન પાસે ઉડાન

**પાકિસ્તાનના કોઈ યુદ્ધ વિમાન ભારતીય ક્ષેત્રમાં ઘુસ્યા નથી : સેના : સિયાચીન નજીક પોતાના એરપોર્ટના ફોરવર્ડ બેઝન પાકિસ્તાને સક્રિય કરીને ભારતની ચિંતા વધારી : સ્થિતિ પર ચાંપતી નજર : સલામતિ મજબૂત કરાઈ**



નવી દિલ્હી, તા.૨૪

ભારતીય સેના દ્વારા કાશ્મીરના નવસેરા સેકટરની પાસે પાકિસ્તાની બંકરોને ફૂંકી મારવામાં આવ્યાના એક દિવસ બાદ હચમચી ઉઠેલા પાકિસ્તાને પણ સિયાચીનમાં ભારત સમક્ષ લાલ આંખ કરવાના પ્રયાસો કર્યા છે. પાકિસ્તાને સિયાચીનની પાસે સ્થિત પોતાના એરપોર્ટના ફોરવર્ડ બેઝને એકટીવ કરી દીધા હોવાના અહેવાલ મળ્યા છે. આ પ્રકારની કાર્યવાહી સામાન્ય રીતે યુદ્ધની સ્થિતિમાં કરવામાં આવે છે. પાકિસ્તાની હવાઈ દળના યુદ્ધ વિમાનોએ આજે સિયાચીન ગ્લેસીયરની નજીક ઉડાણ ભરી હતી. એટલું જ નહીં પાકિસ્તાની હવાઈ દળના વડાએ પોતે મિરાજ સાથે ઉડાણ ભરી હતી. પાકિસ્તાન તરફથી સિયાચીનની ઉપર ભારતીય સરહદની અંદર ઉડાણ ભરવાનો દાવો કરવામાં આવ્યો છે. બીજી બાજુ આ દાવાને ભારતીય હવાઈદળે ફગાવી દઈને તેની ટીકા કરી હતી. ભારતે સાફ શબ્દોમાં કહ્યું છે કે પાકિસ્તાનનું કોઈ વિમાન ભારતીય સરહદમાં ઘુસ્યું ન હતું.

● અનુસંધાન પાન-૭ પર

## લાપત્તા સુખોઈ-૩૦ અંગે હજુ કોઈજ માહિતી નથી

**વિમાન અને પાયલોટની શોધખોળ જારી : મંગળવારના દિવસે તેજપુરથી વિમાને ઉડાણ ભરી હતી ચીનની પાસે માહિતી નથી : ખરાબ હવામાન અડચણરૂપ**



નવી દિલ્હી,તા. ૨૪

ચીને આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે ભારતીય હવાઈ દળના લાપત્તા થયેલા સુખોઈ-૩૦ ફાઈટર જેટ વિમાનના સંદર્ભમાં તેની પાસે કોઈ માહિતી આવી નથી. મંગળવારના દિવસે આસામમાં તેજપુર એરબેઝથી ભારતીય હવાઈ દળના સુખોઈ-૩૦ ફાઈટર વિમાને ઉડાણ ભરી હતી. ત્યારબાદથી આ વિમાન લાપત્તા થયેલું છે. ચીને આજે માહિતી આપતા કહ્યું હતું કે ૨૪ કલાક બાદ પણ તેની પાસે કોઈ માહિતી આવી નથી. બીજી બાજુ ચીને એમ પણ કહ્યું છે કે સરહદ ઉપર પ્રવર્તી રહેલી શાંતિમાં ખલેલ પહોંચાડવાના ભારત દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ ભારત અને ચીન સરહદ ઉપર સ્થિતિને સામાન્ય કરવાના બંને દેશોના પ્રયાસો જારી રહ્યા છે. આજે ચીનના વિદેશ મંત્રાલયે માહિતી

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તરપ્રદેશમાં ચાર અધિકારીને ત્યા આઈટી દરોડા

**દરોડાની કાર્યવાહીથી અધિકારીઓમાં ખળભળાટ : મેરઠ, બાગપત, દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદમાં દરોડાની કાર્યવાહી : દસ્તાવેજોમાં ચકાસણી : વહેલી સવારથી દરોડા**

લખનૌ,તા. ૨૪

ઉત્તારપ્રદેશના ટોચના અધિકારીઓ સામે આક્રમક કાર્યવાહીનો દોર હાથ ધરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ઈન્કમટેક્સ વિભાગની ટીમે આજે રાજ્યના સિનિયર આઈએએસ અધિકારી સહિત ચાર અધિકારીઓના ૨૨ સ્થળો ઉપર એકસાથે વ્યાપક દરોડા પાડ્યા હતા. આ દરોડાની કાર્યવાહી મેરઠ, બાગપત, દિલ્હી, નોઈડા અને ગાઝીયાબાદમાં હાથ ધરવામાં આવી હતી. અધિકારીઓના આવાસ ઉપર દરોડાની કાર્યવાહી દરમિયાન તમામ દસ્તાવેજોમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. ગાઝીયાબાદમાં પૂર્વ ડીએમ વિમલ શર્માના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. વિમલ શર્મા વર્તમાન સમયમાં નોઈડા ઓથોરિટીમાં એડિશનલ સીઈઓ છે.

● અનુસંધાન પાન-૭ પર



## લાલુની પુત્રી-જમાઈ સામે સમન્સ

**આવકવેરા વિભાગની નોટિસ બાદ પૂછપરછનો તખ્તો તૈયાર : જૂનમાં પ્રથમ સપ્તાહમાં ઉપસ્થિત થવા માટે આદેશ : મિશા અને શૈલેષકુમાર ઉપર શેર ખરીદવા અને વેચવાના નામે જંગી ખરીદી કરવાનો સીધો આરોપ**

નવી દિલ્હી,તા. ૨૪

આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવની મુશ્કેલી ઓછી થઈ રહી



નથી. નવી માહિતી મુજબ તેમની પુત્રી મિશા ભારતી અને તેના પતિને આઈટી વિભાગે સમન્સ જારી કરી દીધા છે. અત્રે નોંધનિય છે કે આશરે બે સપ્તાહ પહેલા જ એવો ખુલાસો કરવામાં આવ્યો હતો કે દિલ્હીમાં લાલુના પરિવારના કેટલાક લોકોએ બોગસ કંપનીઓ ઉભી કરીને કરોડો રૂપિયાની જમીન ખુબ ઓછી કિંમતે ખરીદી લીધી હતી. આ સંદર્ભે આઈટી વિભાગે બુધવારના દિવસે મિશા અને તેના પતિ સામે સમન્સ જારી કરીને જૂનના પ્રથમ સપ્તાહમાં ઉપસ્થિત થવા માટે સૂચના આપી દીધી છે. ૧૩ દિવસ પહેલા જ કરવામાં આવેલા ખુલાસા બાદ શંકાસ્પદ કંપનીઓના શેર ખરીદવા અને વેચવાના બહાન કરવામાં આવેલી ખરીદીના આરોપમાં ઘેરાયેલ લાલુની સૌથી મોટી પુત્રી અને રાજ્યસભા સાંસદ નિશા ભારતી અને જમાઈ શૈલેષકુમારની તકલીફ વધી રહી છે. પાટનગર દિલ્હીમાં તેમના દ્વારા એક કરોડ ૪૧ લાખ

● અનુસંધાન પાન-૭ પર

## લશ્કરે તોયબાના કમાન્ડર અબુ દુજાનાની સેના દ્વારા ઘનિષ્ઠ શોધખોળ

**ત્રણ ત્રાસવાદીઓને શોધી કાઢવા સર્ચ ઓપરેશન : રાત્રે દુજાનાને ઘેરી લેવાયો હતો પરંતુ તે અંધારામાં નાસી છુટવામાં સફળ રહ્યો**

શ્રીનગર,તા. ૨૪

દક્ષિણ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના કમાન્ડર અબુ દુજાના સહિત ત્રણ ત્રાસવાદીઆને શોધી કાઢવા માટે સેનાએ મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સર્ચ ઓપરેશન મંગળવારના દિવસે હાથ ધરવામાં આવ્યુ હતુ.

અબુ દુજાનાને ગઈકાલે રાત્રે ઘેરી લેવામા આવ્યો હતો પરંતુ તે અંધારાનો લાભ લઈને ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. હેવાલમાં દાવો કરવામા આવ્યો છે કે પુલવામામાં મોડી રાત્રે બેથી ત્રણ લશ્કરે તોયબાના ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર કરવામાં આવ્યો હતો. જો કે ત્રાસવાદીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

હાલમાં મોટા પાયે ઓપરેશન ચાલી રહ્યુ છે. સાથે સાથે બે ત્રણ ગામોને ઘેરી લઈને તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત હેવાલ મુજબ અબુ દુજાના લશ્કરે તોયબામાં ત્રાસવાદીઓની ભરતી કરવા માટેની ગતિવિધી ચલાવે છે. તે કાશ્મીરમાં લશ્કરે તોયબાનો લીડર છે. જેથી સેના માટે ખુબ મોટા પાયે તે સર્ચ ઓપરેશન ચલાવે છે.




## ન્યુઝ ટ્રેક

### સહારનપુરમાં પુનઃ હિંસા ફાટી નીકળી

ઉત્તરપ્રદેશના સહારનપુરમાં



બુધવારે પણ હિંસક જુથ અથડામણ ફાટી નીકળી હતી. જેમાં એકનું મોત થયુ હતુ અને ૧૦ થી ૧૨ નાગરિકોને ઈજા થઈ હતી. ૨૪ની ધરપકડ કરાયાના પણ અહેવાલો છે.

### સીબીએસસીનુ પરિણામ મુલ્તવી રહ્યું



સીબીએસસી દ્વારા ધો. ૧૨ના પરિણામને મોકુફ રખાયાની જાહેરાત કરાઈ હતી. ગ્રેસ માર્કસના પગલે દિલ્હી હાઈકોર્ટના આદેશ અંતરીમ આદેશ અનુસંધાન પરિણામ એક દિવસ માટે મુલ્તવી રખાયુ છે.

### સોનુ નિગમે ટ્વીટર અકાઉન્ટ બંધ કર્યુ



છેલ્લા કેટલાક સમયથી વિવાદોમાં સપડાયેલા સોનુ નિગમે તેના ટ્વીટર અકાઉન્ટ પર અંતિમ ૨૪ ટ્વીટ કરી સોશિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મ પરથી વિદાય લીધી હતી. ટ્વીટમાં તેને મીડિયા પર પણ નિશાન સાધ્યુ હતુ.

### નેપાળના પ્રધાનમંત્રીનું રાજીનામુ



નેપાળના પ્રધાનમંત્રી પુષ્પા કમલ દહાલે આજે રાજીનામુ આપતા ભારે તર્ક-વિતર્ક સર્જાયા છે.

### ઉજ્જવલા ગેસના કનેક્શન આપવામાં યુપી પ્રથમ ક્રમે

લખનૌ,તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉજ્જવલા ગેસ કનેક્શન આપવા માટેની યોજના શરૂ કર્યા બાદ કેટલાક રાજ્યોમાં આ સ્કીમને ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે. કેટલાક રાજ્યોએ શાનદાર કામગીરી હાથ ધરી છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા ગેસ કનેકશન આપવાના મામલે ઉત્તરપ્રદેશ દેશમાં પ્રથમ સ્થાન પર છે. જ્યારે પશ્ચિમ બંગાળ અને બિહાર યાદીમાં બીજા સ્થાન પર છે. ઈન્ડિયન ઓઈલના અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે પહેલી મે ૨૦૧૬ના દિવસે ઉજ્જવલા ગેસ કનેક્સન યોજના લોંચ કરવામાં આવી હતી.

### ઈન્ફોસીસના ૪ એક્ઝીક્યુટીવના પગારમાં ૫૦ ટકાનો વધારો

બેંગલોર,તા. ૨૪

મન ખોલીને સ્ટોક ઓપ્શન ઈન્સેન્ટિવ આપવાના કારણે ઈન્ફોસીસના ચાર સિનિયર કારોબારીના પગારમાં ૫૦ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. કંપનીના ચીફ ઓપરેટિંગ ઓફિસર પ્રવીણ રાવના પગાર પેકેજમાં પણ વધારો કરવામાં આવ્યો છે. જેના પર દેશની બીજી સૌથી મોટી આઈટી કંપનના સ્થાપકે એપ્રિલ મહિનામાં નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

